No Pages to Display

આપણાં

પ્રશ્નીસિત્રો

– લેખક –

દયાળજી ડાહ્યાભાઈ નાયક

બી. એ. (ઓનર્સ), ડી. એડ્.

અધ્યાપક, હીરાચંદ ધૂળચંદ સાર્વજનિક હાઈસ્કૂલ, અમલસાડ

– ચિત્રકાર –

સોમાલાલ શાહ

અનડા બુક ડીપો

પુસ્તક પ્રકાશક અને વિક્રેતા

ગાંધીમાર્ગ . . . અમદાવાદ

કિંમત : રૂ. ૦–૫૦ ન. પૈ.

— પ્રકાશક —
છોટુભાઈ ર. અનડા
સંચાલક, અનડા બુક ડીપો
ગાંધીમાર્ગ • અમદાવાદ-૧

પહેલી આવૃત્તિ : ૧૯૫૯
બીજી આવૃત્તિ : ૧૯૬૨

સ્નાતક નયી તાલીમ કેન્દ્ર : રાજપીપલાની અનુમતિથી

— મુદ્રક —
મણિભાઈ પુ. મિસ્ત્રી
આદિત્ય મુદ્રણાલય
રાયખડ • અમદાવાદ

નિવેદન

આ નાનકડી પુસ્તિકાનું નામ 'આપણાં પક્ષીમિત્રો' રાખ્યું છે. મૂળ આશય તો ખેતીને ફાયદાકારક કે નુકસાનકારક કયાં કયાં પક્ષીઓ છે એ વિશે લખવાનો હતો, પરંતુ તેમ કરવા જતાં બાળકોના રસને હાનિ પહોંચશે એમ લાગવાથી જરા જુદી રીતે ન્યાય આપ્યો છે. જોકે એ હેતુને પણ તદ્દન બાકાત રાખ્યો નથી.

આ પુસ્તિકા પ્રાથમિક શાળાનાં ૩, ૪ અને ૫ ધોરણનાં બાળકો માટે લખી છે. બાળકોની દુનિયા હવે વિસ્તાર પામવા લાગી હોય છે. તેમના જીવનમાં પંખીઓએ સ્થાન લેવા માંડ્યું હોય છે. એટલે એ વખતે આ પુસ્તિકા તેમની રસવૃત્તિ અને જિજ્ઞાસાવૃત્તિને પોષશે એમ માનું છું.

જોકે આ પુસ્તિકામાં મેં માત્ર વીસ જ પક્ષીઓનો પરિચય આપ્યો છે. તેમ છતાં આ પુસ્તિકા બાળકોની જિજ્ઞાસા સંતોષશે એવી આશા મેં રાખી છે. તેમની જિજ્ઞાસા સંતોષવા દરેક પંખીનો રંગ, તેની વિશિષ્ટતા, તેનું કદ, તેની બોલી, અને તેની રહેણીકરણી વિશે થોડું થોડું કહ્યું છે. વિશેષ તો તેઓ આગળ વધતાં આપમેળે જ તેમનો અભ્યાસ કરશે.

આ પુસ્તિકા લખતી વખતે શ્રી. સાલિમ અલી, શ્રી. નિરંજન વર્મા, શ્રી નરેન્દ્ર બધેકા, શ્રી. વિજયગુપ્ત મૌર્ય, શ્રી. જયમલ પરમાર અને 'કુમાર'માં વારંવાર પંખીઓ વિશે લખતા શ્રી. 'વનેચર'ના આધાર લીધો છે. તે સૌનો હું ઋણી છું.

આ પુસ્તિકા છાપવાની પરવાનગી 'સ્નાતક નયી તાલીમ કેન્દ્ર : રાજપીપલા' તરફથી આપવા બદલ તેમના આભારી છીએ.

— દયાળજી નાયક

□ અનુક્રમણિકા

૧.	ચકલી	૫
૨.	પારેવાં	૭
૩.	કાખર	૯
૪.	સુગરી	૧૧
૫.	બપૈયો	૧૩
૬.	ભીમરાજ	૧૫
૭.	હુપ્પી	૧૭
૮.	કાકડિયો કુંભાર	૧૯
૯.	દેવચકલી	૨૧
૧૦.	કાળોકોશી	૨૩
૧૧.	સેલાં	૨૫
૧૨.	હોલો	૨૭
૧૩.	ચીબરી	૨૯
૧૪.	લક્કડખોદ	૩૧
૧૫.	મોર	૩૩
૧૬.	બગલો	૩૫
૧૭.	ચંડોળ	૩૭
૧૮.	નીલકંઠ	૩૯
૧૯.	દૈયડ	૪૧
૨૦.	શકરો	૪૩

૧. ચકલી



આરા બારણાને ટોડલે
ચકલી રમે,
એની ઝીણીશી આંખ,
એની નાનીશી પાંખ,
એ તો ઊડતી ને રમતી
સૌને ગમે.

ચકલી કોણે નથી જોઈ? બધાં છોકરાંઓ 'ચકલી રે...ચીં...ચીં' વાળી રમત રમે છે. 'ચકલી લાવી ચોખાનો દાણો અને ચકલો લાવ્યો દાળનો દાણો' વાળી વાર્તા બધાંને ગમે છે.

આ ચકલી બધાંની પ્રિય છે. એ માણસો વચ્ચે રહે છે. ચકલી ખૂબ ધમાલિયણ છે. વળી એ ડાહી

થઈને બેસે ત્યારે એના જેટલું શાંત કોઈ નહિ. આખો દિવસ ઊઠતાં, બેસતાં, રમતાં અને ઊડતાં ચક્ર્...ચક્ર્...ચક્ર્ કર્યા કરે, અને ઘર આખામાં કચરો કરી મૂકે છે. અરીસા સામે એ બેસે તો ટકટકારાથી આપણું માથું પકવી નાખે છે.

ચકલી ખેડૂતોને ઘણી બાબતોમાં ઉપયોગી છે અને નુકસાનકારક પણ છે. ચકલી ખેતરો અને બાગમાં જીવડાં વીણી વીણીને ખાય છે. આથી પાકને નુકસાન થતું અટકે છે. એની આ ઉપયોગિતાને લીધે આ પક્ષી ઑસ્ટ્રેલિયા અને અમેરિકામાં વસાવાયું હતું. પણ પાછળથી એ નુકસાનકારક માલૂમ પડ્યું. આજે ત્યાંના ખેડૂતો એને મારી નાખે છે. એ પાકને ઘણું નુકસાન કરે છે.

એની પાંખ પર રતૂમડા પટા હોય છે. એનો ઉપરનો રંગ બદામી છે અને નીચેનો રંગ સફેદ છે. એના માથા પર ટપકું હોય છે. ચકલાના ગળા પર કાળો ચાંદલો હોય છે.

ચકલીનો માળો ઘાસનો હોય છે. એમાં આપણને બે કે ત્રણ નાનાં નાનાં ઈંડાં જોવા મળે છે.

૨. પારેવાં (કબૂતર)



આવો પારેવાં આવો,
નવા સંદેશા લાવો,
તમારી છે સંપીલી જાત,
મારે કરવી એક જ વાત.

આપણે બધાં જ આ પક્ષીથી માહિતગાર છીએ. એને આપણે કબૂતર પણ કહીએ છીએ. પહેલેથી જ એ 'શાંતિદૂત' કહેવાતું આવ્યું છે.

આ પક્ષી સ્વભાવે ઘણું જ રાંક છે. કોઈ એક ખૂણામાં કે ખંડેરમાં બેસીને ઘૂ...ઘૂ...ઘૂ... ઘૂ કર્યા કરે. બબ્બેની જોડીમાં બેસે ને એનું મધુરું ગાન ગાયા કરે.

ઘૂ....ઘૂ...નું નિત ગીતડું ગાય,
સાંભળતાં દિલડું હરખાય.

સ્વભાવે રાંક છે, છતાં આપણી વચ્ચે ગભરાયા વગર રહે છે. દુકાન સામે પડેલા દાણા ચણે, ખેતરોમાં

ચરે અને અનાજના દાણા નાખીએ તો ખાય. નવાઈની વાત છે કે ચણતાં ચણતાં એ કાંકરીઓ પણ ખાય. આ કાંકરીઓ એને એનો ખોરાક પચવામાં મદદ કરે. કાંકરીઓ ખાનાર આ એક જ પક્ષી છે.

એ ઘણું ઉપયોગી પક્ષી છે. અસલના સમયથી એ સંદેશવાહક તરીકે ઉપયોગમાં લેવાય છે. આજે પણ ઘણા લોકો એને પાળે છે. પણ ખેડૂતોને એ નુકસાનકારક છે. ખેતરોમાંનું અન્ન એ ખાય છે. આથી ખેડૂતોને હંમેશાં એને ભગાડવાં પડે છે. કોઈ એને મારતું નથી.

પારેવાં બે રંગનાં હોય છે: ધોળાં અને સ્લેટિયા. સ્લેટિયા રંગનાં પારેવાંની પાંખ પર બે કાળા પટા હોય છે. એની પાંખ લાંબી અને અણિયાળી હોય છે. પૂંછડી ટૂંકી અને છેડે પટાવાળી હોય છે. એની આંખો અને પગ ગુલાબી હોય છે. ચાંચ મોટી હોય છે.

વળી હારિત નામની એક બીજી પણ જાત છે. એનો રંગ એકદમ લીલો હોય છે.

પારેવાંનો માળો જોઈએ તો તે તદ્દન બેડોળ હોય છે. આ પક્ષી સળી અને કાંટાનો માળો બનાવે છે.

□

૩. કાબર



ઠાગાઠૈયા કરું છું,
ચાંચુડી ઘડાવું છું.

કાબર અને કાગડાની વાત તો તમે બધાં જાણો છો. કાબર ખૂબ મહેનતુ છે. સવાર હોય કે બપોર હોય પણ એ રખડયા જ કરે છે. આપણે એને ઝાડ પર, નીચે, ફળીમાં, ઘર પર, અને છેવટે ગાય કે ભેંસની પીઠ પર બેસીને ડોલતી અને મઝા કરતી જોઈએ છીએ.

એ સ્વભાવે મહેનતુ છે, પણ સાથે સાથે લડાયક પણ છે. બીજાં પંખીઓને તો એ હાંકી જ કાઢે. ખૂબ કલબલ, કલબલ કરે. ગરબડિયાં છોકરાંને તેથી જ આપણે 'કાબર'નું ઉપનામ આપીએ છીએ.

એ જરાક નવરી પડે કે ચુક, ચુક, ચુક, ટીકુ, ટીકુ, ટીકુ કે પછી તાલમય રીતે કીચુર, કીચુર અને ચીં...ચીં, ટીં...ટીં બોલે છે. એ પટુ...પટુ...પટુ બોલે ત્યારે સાંભળવાની ખૂબ મઝા પડે. વળી ઠાવકી બનીને બેસે અને બીજાં પંખીઓના ચાળા પાડે ત્યારે તો આપણાથી હસી પડયા વિના ન રહેવાય.

એ ખેડૂતની રક્ષક છે. પાકમાં પડતી જીવાતોને એ ખાઈ જાય છે. વળી પંખીઓની તો એ ચોકીદાર છે. ભય જણાય ત્યારે એ કોલાહલ કરી મૂકે છે.

એની ચાંચ પીળી છે. એ ચાંચની બાજુમાં પીળાં લાખાં છે. માથું તેલ નાખીને કાંસકીથી સરસ હોળ્યું હોય તેવું છે. ડોક કાળી છે. પાંખ વચ્ચે સફેદ પટ્ટા હોય છે. ઊડતી હોય ત્યારે આ પટ્ટાઓનું ફૂંડાળું દેખાય છે.

છતાં એનો માળો જથરવથર હોય છે. જૂનો માળો હોય તો તે પણ એને ચાલે. એ એકી સાથે વાદળી રંગનાં ચાર ઈંડાં મૂકે છે. ઈંડાં પર કાળી છાંટ હોય છે.

એની જુદી જુદી જાતો છે. તેમાંની બબ્બઈ, પાવે, શિરાજી અને મેના નામની કાબરો જાણીતી છે.

■

૪. સુગરી



નહીં વાંસ નહીં વીંધાણું
નહીં કારીગર સુથાર,
અદ્ધર એણે ઘર ચણાવ્યું;
રાજા ભોજ કરે વિચાર.

સુગરીના માળા વિષેનું આ ઉખાણું તો તમે સાંભળ્યું હશે. એના માળાથી આ પંખી જાણીતું છે.

એને જાડી ચાંચ અને ટૂંકી પૂંછડી હોય છે. એ પક્ષી ચકલી જેવું જ લાગે છે. એનું માથું પીળું હોય છે.

એનું પેટ સફેદ હોય છે. એનો બાકીનો ભાગ તપખીરિયા રંગનો હોય છે.

એનો ખોરાક ચકલીના ખોરાક જેવો જ છે. એ જીવજંતુ અને કણ ખાય છે. આમ એ ખેડૂતને ઉપયોગી ને નુકસાનકારક બેઉ છે. એ બચ્ચાંને નાની નાની ઈયળો ખવડાવે છે, અને ચિટ ચિટ અવાજ કર્યા કરે છે.

માળો બાંધવાનું કામ નર સુગરી કરે છે. એ ઘણો જ કલામય હોય છે. માળો ઘાસનો હોય છે અને અંદર થોડી માટી પણ ચોડેલી હોય છે. ખુલ્લા પ્રદેશમાં બાવળની ડાળી પર ઊંચે મદારીની મહુવર જેવું લટકતું તમે જુઓ તો તે સુગરીનો માળો હશે. આ માળામાં પેસવાની જગ્યા નીચેના ભાગમાં હોય છે. તેની અંદર બીજાં પક્ષીઓ કે સાપ પણ જઈ શકતાં નથી. આ કરામતથી એ એનો બચાવ કરે છે.

૫. બપૈયો



પો .... પિ ... યા
પો .... પિ .... યા

આવો એકધારો અવાજ તમે ઉનાળાની બપોરે આરામ કરતાં હો ત્યારે ઘણી વાર સાંભળો છો. આંબા કે આંબલીની ઊંચી ટોચ પર બેસી એ આ રીતે ગીત ગાયા કરે છે. હિન્દીમાં એને પપીહા કહે છે. પોતાના કલશોરથી સાહિત્યમાં આ પંખી જાણીતું છે.

ગાનાર પંખીઓમાં કોયલ પછી આ પંખીનું સ્થાન આવે છે.

એક ફૂટનો એનો દેહ છે. પાંચ ઇંચની એની પુંછડી હોય છે. એનો રંગ ધૂળિયો હોય છે. એની છાતી રતૂમડી હોય છે. એની ચાંચ પીળી અને નારંગી રંગની હોય છે.

સ્વભાવે એ બીકણ હોય છે. ધારી ધારીને ન જુઓ ત્યાં સુધી તમે એને શોધી ન શકો. એનાં ઇંડાં બીજાં જ સેવે એવું એ કરે છે.

ખેડૂતને એ ખૂબ ઉપયોગી છે. ચોમાસામાં થતાં કાતરા નામનાં જીવડાં એ વીણી વીણીને ખાય છે.

□

૬. લીમરાજ

ચકલી જેવડા કદનું જ આ પંખી છે. મોરનાં બે પીંછાં પાછળ લટકતાં હોય એવી એની પૂંછડી હોય છે. પણ એની અંદર મોરના પીંછામાં હોય છે એવાં ચગદાં હોતાં નથી. આ પંખીને માથે કલગી પણ હોય છે.

પૂંછડી સાથે એની લંબાઈ પચીસ ઇંચ થાય છે. એનો વાસ ઘીચ જંગલમાં હોય છે. ચારપાંચની ટોળીમાં જ એ જોવા મળે છે. શરીરનો રંગ કાળો

હોય છે, અને આંખો લાલ હોય છે.

એનો ખોરાક જીવડાં, તીડ ને પતંગિયાં છે. તીડનું તો આ પક્ષી દુશ્મન છે. એ રીતે ખેડૂતને એ ઘણું ઉપયોગી છે.

આ પક્ષી ઝાડ પર કે દીવાલની બખોલમાં પાણી પીવા પ્યાલાના આકારનો માળો બાંધે છે. તેના માળામાં એ ત્રણથી ચાર ઈંડાં મૂકે છે.

એનો અવાજ ઘણો મધુરો છે. બોલીનું અનુકરણ કરવામાં એ ઉસ્તાદ છે. ગમે તેની એ નકલ કરે છે. બિલાડીનું મ્યાઉં મ્યાઉં, અને માણસની બોલીનું પણ એ અનુકરણ કરે છે. તેથી આ પંખીને પોપટની જેમ પાળવામાં આવે છે.

□

૭. હુપ્પી

હુપ્પી...હુપ્પી...હુપ્પી એવો કોઈ પંખીનો અવાજ સાંભળ્યો છે? એ પંખીનું નામ હુપ્પી છે. આપણે ત્યાં એ પંખી ગમે ત્યાં જોવા મળે છે. પણ આપણી નજરે એ ભાગ્યે જ ચડે છે. એ આપણને જુએ કે તરત જ ઊડી જાય છે.

એની પાંખો પર કાળાધોળા ચટાપટા હોય છે. એનું શરીર રાખોડી રંગનું હોય છે. એની ચાંચ લાંબી, વાંકી અને કાળાશ પડતા રંગની હોય છે.

તમે જાપાની પંખો જોયો છે? બરાબર એના જેવી જ એના માથા પર કલગી હોય છે. એનું શરીર કાબરના શરીર જેવડું હોય છે.

એનો ખોરાક તીડ, વાણિયા નામનાં જંતુ, અને બીજી નાની જીવાત છે. એની ચાલ ઘણી મનોહર લાગે છે. એ ચાલે છે ત્યારે માણસની જેમ ગંભીર ચાલ ચાલે છે. તે વખતે એ ખૂબ દમામદાર દેખાય છે.

સ્વભાવે એ ઘણું જ શાંત છે, અને આનંદી પણ ખૂબ છે.

□

૮. કાકડિયો કુંભાર



ઉનાળાની બપોરે બપૈયો પો...પિ...યા, પો... પિ...યા કર્યા કરે છે, તેજ રીતે આપણો આ કાકડિયો કુંભાર ટુક...ટુક...ટુક...નો એકધારો અવાજ કર્યા કરે છે. તદ્દન પાસે હોય છતાં જાણે કે એ દૂર દૂરથી બોલતો હોય એવું આપણને લાગે છે. વળી એને શોધી કાઢવો એ પણ સહેલી વાત નથી. સંસ્કૃતમાં એને કુક્કુટ નામથી ઓળખવામાં આવે છે.

દેખાવે એ કાગડા જેવો જ છે. કદમાં પણ એ કાગડા જેવડો જ છે. એને વગડાઉ કાગડો પણ કહેવામાં આવે છે.

કે ચાલતાં એ ઊંચીનીચી થાય છે, અને આ પૂંછડી જ્યારે એ ખિજાય ત્યારે માથે જઈને અડે છે.

રૂપરંગ વગરનું એ પક્ષી છે, પણ સંગીત-સમ્રાટોમાંનું એ એક ગણાય છે. એ ખૂબ ગૌરવશાળી છે. ગાય ત્યારે જાણે કે સીટી વાગે. એ ધીમું ધીમું ગાય છે પણ એના ગાનમાં ખૂબ વિવિધતા છે. એનું ગાન કાનને ખૂબ ગમી જાય એવું હોય છે.

કીડા, ઈયળ, જંતુ અને ઊધઈ એનો ખાસ ખોરાક છે. ઊધઈના રાફડા પાસે એ ખાસ જોવા મળે છે.

ઉનાળામાં એ ખૂબ આનંદમાં હોય છે, અને ત્યારે એ ખૂબ ગાય છે. ઝાડ પર એ માટીના કોડિયા જેવડો માળો બાંધે છે. તેમાં ત્રણથી ચાર લીલાશ પડતાં ઈંડાં મૂકે છે.

૧૦. કાળોકોશી



કાળોકોશી પંખીઓનો પોલીસ કહેવાય છે. કાગડા જેવો કાળો ચળકતો એનો રંગ હોય છે. ચીપિયા જેવી એની પૂંછડી છે. રેલવેના તાર પર હીંચકા ખાતો તમને એ જોવા મળે છે. એનું બીજું નામ ઢેંચુડિયો છે.

એનું શરીર પાતળું અને સોટી જેવું છે. કદમાં એ વેંતભરનો છે, પણ ખૂબ લડાયક છે. કાગડો કે સમડી પણ એનાથી ડરે છે. એને પંખીઓનો પટેલ કે કોટવાળ પણ કહેવામાં આવે છે. નબળાં પંખીઓ એને આશરે માળો બાંધીને રહે છે.

કુદરતે એને વિધવિધ અવાજની બક્ષિસ આપી છે. એ બધાં પંખીઓના ચાળા પાડી શકે છે.

એ તાર પર કે ભેંસની પીઠ પર બેસે છે અને ડોલાં ખાતો જાય છે. સામે નાનાં જંતુ, તીતીઘોડા, પતંગિયાં વગેરે જે કંઈ જુએ તેની સામે ઊડીને જાય અને ઊડતાં ઊડતાં એનો ખોરાક મેળવે છે. પાછો આવીને એ જ જગાએ બેસી જાય છે. આ રીતે એ રમત કરતો જાય છે, અને એનો ખોરાક મેળવતો જાય છે.

એનો માળો એ ખૂબ ઊંચે બાંધે છે. એમાં ત્રણથી પાંચ બદામી રંગના ઈંડાં આપણને જોવા મળે છે.

□

૧૧. લેલાં



પંખીજગતની પણ અનેક વાતો છે. તેમાં સાત બહેનોની વાત તમે સાંભળી હોય તો તે આ પંખી વિષેની વાત છે.

વાત આ પ્રમાણે છે. સાત બહેનો હતી. આ બહેનોનો ભાઈ એમને મળવા આવ્યો. બહેનો ભાઈને પોતપોતાના ઘરે લઈ જવા માટે ખેંચતાણ કરવા લાગી. તેમાંથી પેલા ભાઈનું મરણ થયું, અને આ બહેનો એકબીજાને દોષ દેવા લાગી કે,

મેં નથી આર્યો,
તેં ... તેં ... તેં ... તેં.

અને ત્યારથી આ બધી બહેનો એકમેકને દોષ દીધા જ કરે છે. તેં .. તેં ... તેં ... તેં બોલ્યા જ કરે છે.

આ ખૂબ લડાયક પંખી છે. શકરા જેવા પંખીને પણ એ હરાવી દે છે. કાબર અને કાળાકોશી જેવું જ પંખીજગતનું એ પણ એક ચોકીદાર છે.

એનો રંગ ધૂળિયો છે. એની આંખો ફરતે સફેદ કૂંડાળાં હોય છે. એની ચાંચ અને પગ પીળાં હોય છે.

એનો ખોરાક જીવાત છે. આખો દિવસ અંદરઅંદર લડતાં જાય અને ખાતાં જાય. કૂદનાં કૂદતાં ઝાડ પર ચડે અને એ જ રીતે ઊતરે.

એ ખૂબ ઊંચે માળો બાંધે છે. એનો માળો ખૂબ સુંદર હોય છે. ચાતક અને બપૈયાનાં ઈંડાં એને જ સેવવાં પડે છે. એના માળામાં ત્રણથી ચાર ઈંડાં જોવા મળે છે.

□

૧૨. હોલો

હોલાનું બીજું નામ હરિભગત છે. ખાખી બાવાની ભભૂત જેવો એનો રંગ છે અને આખો દિવસ એકાંતમાં બેસી

પરભુ ... તું ...
પરભુ ... તું ...

બોલ્યા કરે છે. એની પાંખો અને પૂંછડીનો રંગ સહેજ સફેદ હોય છે. એને કંઠે કાળો કાંઠલો હોય છે. એ પારેવાંનો ભાઈ છે. એનું જીવન અને રહેણીકરણી પારેવાં જેવાં છે. હોલાને વગડો ગમે છે. પ્રભુનું રટણ

કર્યાં કરે અને પોતાનો ચારો ચરે. ખેતરમાંથી એ ખસે નહિ. અહીંથી ત્યાં અને ત્યાંથી અહીં આવજા કર્યા કરે અને ભજન ગાયા કરે.

એનો માળો તદ્દન સાદો હોય છે. ઉનાળામાં ત્રણથી ચાર ઈંડાં મૂકે છે. એ પારેવાંની જેમ અનાજ અને જીવાત ખાય છે.

દિવાળીના દિવસોમાં એ આનંદમાં હોય છે અને કુ...હુ...રૅ...ઘૂ, કુ...હુ...રૅ...ઘૂ એમ અવાજ કર્યા કરે છે.

એ ભગત તો છે પણ લડતી વખતે ખૂબ ઝનૂની બની જાય છે. પારેવાંની જેમ નર અને માદા મોટે ભાગે સાથે જ જોવા મળે છે.

▣

૧૩. ચીબરી



મધુરું ગાન ગાતાં પંખીઓ વિષે આપણ આગળ જોઈ ગયાં. પણ કેટલાંક પંખીઓ તદ્દન કર્કશ અવાજવાળાં પણ હોય છે.

ચીબરી પોતાના કર્કશ અવાજ માટે ખૂબ જાણીતું પંખી છે. એ ઘુવડની જાતનું છે. લોકો એને અપશુકનિયાળ માને છે. ઘુવડ દિવસે જોવા ન મળે, પણ ચીબરી તો દિવસે પણ જોવા મળે. માણસથી એ ખૂબ બીએ છે.

એનું કદ હોલા જેવડું છે. એનો રંગ ભૂખરો બદામી છે. વચ્ચે વચ્ચે સફેદ ટપકાં હોય છે. એની

આંખો જોઈએ તો સળગતા અંગારા જેવી જ લાગે. એના આવા દેખાવથી એ ખૂબ બિહામણું લાગે છે. એની આંખો ગોળ છે અને પૂંછડી ટૂંકી છે. એ તદ્દન બેડોળ દેખાય છે.

એ નાનાં નાનાં જીવજંતુ ઉપરાંત ઉંદર અને ગરોળી પણ ખાય છે. પંખીઓનાં નાનાં બચ્ચાંનો પણ એ શિકાર કરે છે.

એને જોવું હોય તો વહેલી સવારે વાડ પર, થાંભલા પર, કે ઝાડની ડાળી પર એ જોવા મળે.

ઝાડની બખોલમાં કે ભીંતની બખોલમાં ત્રણ કે ચાર ઈંડાં એ મૂકે છે.

શુકન-અપશુકનમાં માનનારાંઓ એની બોલીના જુદા જુદા અર્થો ઘટાવે છે.

□

૧૪. લક્કડખોદ

લક્કડખોદ એ પંખીજગતનો સુથાર છે. એ તમને ખાસ કરીને પીપળાના ઝાડ પર જોવા મળે છે. ઝાડની ડાળી કે થડ પર પડેલી ચિરાડોમાં રહેતાં જીવડાં એ ખાતો જાય છે અને ચાંચ પછાડતો જાય છે. લોકો એમ માને છે કે એ લાકડું કરડે છે.

એની ચાંચ જોઈ હોય તો જાણે ગજવેલની છીણી. એ ચાંચ છેડેથી અણીદાર અને મૂળમાં ભરાવદાર હોય છે. એ ટક્...ટક્ અવાજ કરે ત્યારે જાણે કે હથોડાના ઘા પડે. એની બેસવાની રીત પણ અનોખી.

એ બેસે ત્યારે પૂંછડી ટેકવીને બેસે. જમીન પર તો એ બેસે જ નહિ.

એની જીભ ઘણી લાંબી હોય છે. એમાંથી ચીકણો રસ ઝરે છે. એનાથી જંતુઓ એની જીભ પર ચોંટી જાય છે ને પછી એને એ ખાઈ જાય છે.

સ્વભાવે એ ખૂબ નીડર છે. અદાથી એ બેસે છે. એનો દમામ ભારે હોય છે.

ઑસ્ટ્રેલિયા અને અમેરિકામાં આ લક્કડખોદ પક્ષીઓ રસવાળાં કેટલાંક ઝાડોને કોરી નાખે છે. એથી એ ઝાડમાંથી રસ ઝરે છે અને એ ઝાડ મરી પરવારે છે. આમ ત્યાં આ પંખી નુકસાનકારક છે.

એ બોલે ત્યારે ચીરી...રીક...ચીરી...રીક કે ડ્રમ...ડ્રમ...ડ્રમ...ડ્રમ એવો અવાજ કરે છે. આ અવાજ સાંભળીએ ત્યારે જાણે કે ડ્રમ વાગતું હોય એવું આપણને લાગે છે. અરે ડ્રમ વગાડનારાઓ પણ આ સાંભળીને નવાઈમાં ડૂબી જાય છે.

લક્કડખોદનો રંગ ભૂખરો હોય છે. એના પેટની નીચે લાલ પટ્ટો હોય છે. એની ડોક, પૂંછડી અને પાંખો કાળા રંગની હોય છે. એની આંખો લાલ હોય છે.

નરને માથે લાલ ચાંદલો હોય છે, અને માદાને માથે પીળો ચાંદલો હોય છે.

સોનેરી લક્કડખોદની પણ એક જાત હોય છે. તે આબુ પહાડની આસપાસ જોવામાં આવે છે.

એણે બનાવેલી બખોલો બીજાં પંખીઓ માળા તરીકે વાપરે છે. એ બે કે ત્રણ સફેદ પારદર્શક ઈંડાં મૂકે છે.

૧૫. મોર



મોરલો કોણે નથી જોયો ? મોરલાની કવિતા પણ તમને આવડતી હશે. મોરને કલાપી પણ કહેવામાં આવે છે. એની સુંદરતા માટે એ ખાસ જાણીતો છે. કૃષ્ણને પણ એ પ્યારો હતો.

આપણને વાડીઓમાં એ ખાસ જોવા મળે છે. એ ઘણું મોટું પક્ષી છે. એનાં પીંછાં આંખો જેવાં ટપકાંવાળાં હોય છે. એ ખૂબ કલામય છે. એનો રંગ જાંબુડિયો, લીલો, સોનેરી અને ભૂરો હોય છે. એનાં પીંછાં ત્રણથી ચાર ફૂટ લાંબાં હોય છે. એની ડોક ખૂબ કળામય અને વિવિધ રંગની હોય છે. એના માથા પર કલગી હોય છે. ચોમાસું બેસે અને મેહુલો ગાજે ત્યારે ટેહુ...ક ટેહુ...ક એમ એ ગહેકે. વાદળની ગડગડાટી થાય ત્યારે એ થનગને છે. પછી કળા કરે છે. કળા કરે છે ત્યારે એ પીંછાંને અર્ધ-ગોળાકાર બનાવે છે અને ધીરે ધીરે ગોળ ગોળ ફરે છે.

એની માદાને ઢેલ કહેવામાં આવે છે. ઢેલને પીછાં હોતાં નથી. ખાસ કરીને એ બધાં ટોળામાં ફરતાં હોય છે.

કપૂરથલા રાજ્યમાં ધોળા મોર પણ થાય છે.

ખેડૂતના પાકને એ નુકસાન કરે છે, પણ ખેડૂતો એને મારવામાં પાપ માને છે. એ શાકભાજીના અંકુરો ચંટી ખાય છે. એ જીવજંતુઓ ખાય છે. એ સાપસાપોલિયાં પણ ખાય છે.

સરસ્વતી દેવીનું એ વાહન મનાય છે.

▣

૧૬. બગલો



બગલો એકદમ સફેદ હોય છે. કોઈએ સ્વચ્છ અને સફેદ કપડાં પહેર્યાં હોય તો આપણે કહીએ છીએ કે કેવાં બગલાની પાંખ જેવાં છે!

એ ઘણે ભાગે તળાવ કે નદી પાસે જોવા મળે છે. એકપગે ધ્યાન ધરતો હોય એમ જ ઊભો હોય ત્યારે તો એ મોટો ભગત લાગે છે, પણ એની દાનત દેડકાં કે માછલાં પકડવાની હોય છે. ઠોંગીઓને એથી તો આપણે બગભગત કહીએ છીએ.

એની ચાંચ પીળી હોય છે. એના પગ પણ પીળા હોય છે. એની આંખને ફરતે લાલ કૂંડાળું હોય છે.

એ ઘણી વાર ખેતરોમાં પણ આવે છે. ખેડૂત હળ હાંકતો હોય ત્યારે એની પૂંઠે પૂંઠે એ ચાલે છે અને કાનખજૂરા તેમ જ ઝીણી જીવાત ખાય છે. શાકભાજીને પાણી પાતાં હોઈએ ત્યારે પણ એ જીવાતો વીણી ખાવા આવે છે.

એ ડાળખાંખોનો માળો બાંધે છે. એના માળામાં કંઈ પણ કળા નથી. એ બે કે ત્રણ પીળાશ પડતાં સફેદ ઈંડાં મૂકે છે.

□

૧૭. ચંડોળ

પંખીઓમાં ગાનારાં ત્રણની યાદી ગણાવવામાં આવે છે. એ ત્રણ છે ભરત, અગન અને ચંડોળ. આ ત્રિપુટી પ્રાચીન કાળથી ભારતમાં લોકોના મનનું રંજન કરતી આવી છે.

એના માથા પરની કલગી કે ચોટલી એ એને ઓળખવાની નિશાની છે. ખુશ થાય, ચિડાય, કે બીએ ત્યારે એ કલગી ઊભી કરે છે. ચકલીથી એ સહેજ મોટું પંખી છે.

એનો રંગ મેલો અને બદામી છે. જમીન પર બેઠેલ હોય તો શોધવાની મુશ્કેલી પડે એવો એનો રંગ હોય છે. એની ચાંચ પાતળી અને અણીદાર હોય છે. એના પગ ઘઉંવર્ણા હોય છે.

સ્વભાવે એ આનંદી હોય છે. પાંચસાતના ટોળામાં જ એ જોવા મળે છે. એનું ગાન ઘણું જ આનંદકારી છે. ઘણા લોકો એને પાળે પણ છે.

એનો ખોરાક કાંગ, બંટી, ચણા અને નાનાં તીડ જેવાં જંતુ છે.

પડતર ખેતર કે વાડના થડ પાસે છીછરા વાડકા જેવો માળો એ બાંધે છે. ઘેરા તપખીરિયા કે જાંબુડા રંગનાં છાંટણાંવાળાં સફેદ રંગનાં ત્રણથી ચાર ઈંડાં એના માળામાં જોવા મળે છે.

□

૧૮. નીલકંઠ

નીલકંઠને તમે જુઓ તો ખુશ થઈ જાઓ. એનો રંગ જ એવો છે કે તમને એ ગમી જાય.

એનું શરીર લીલા રંગનું છે. એ ઘણો જ મુલાયમ હોય છે. એની કમર તથા પૂંછડીનો ભાગ આસમાની હોય છે. એનું ગળું લોખંડના કાટ જેવા રંગનું હોય છે. એની છાતી તથા પેટનો ભાગ લીલો હોય છે. એનું પેઢું પીળાશ પડતા લીલા રંગનું હોય છે. એની પાસે આટઆટલા રંગો છે અને એ પણ

કંઈ જેવા તેવા નથી. એ રંગો આપણી આંખોને ઊડીને વળગે એવા છે.

નીલકંઠની તો કુલ સાત જાતિ છે. પણ આપણે ત્યાં નાનો નીલકંઠ અને મોટો નીલકંઠ એ બે જાત જ જોવા મળે છે.

એક રીતે કહીએ તો ગુજરાતમાં એ ખેડા જિલ્લાનો વાસી છે. ઝાડી, નદી કે સરોવરનો પ્રદેશ પોતાના રહેઠાણ માટે એ પસંદ કરે છે. ધોળકા, આબુ તથા ઈડરની આજુબાજુ એની વસ્તી વધારે છે.

એ જીવાત તો ખાય જ છે પણ મધમાખી અને ભમરાને પણ ખાઈ જાય છે. શિકાર પકડવા માટે હવામાં એ ચક્કર લગાવે છે.

એનો માળો બખોલોમાં હોય છે. માળામાં એ પીંછાં પાથરે છે. એ ચારથી સાત લંબગોળ ઈંડાં મૂકે છે.

□

૧૯. દૈયડ



દૈયડ એ દેવચકલીના વર્ગનું પક્ષી છે. આપણે ત્યાં બારે માસ એ જોવામાં આવે છે. ગાનારાં સુંદર પક્ષીઓમાંનું એ એક છે.

દેખાવે એ રૂઆબદાર, મજબૂત બાંધાનું અને કદમાં બુલબુલ જેવડું છે. એનું આખું શરીર ચમકદાર કાળા રંગનું છે. પણ પાંખની ધારમાં ચાર ચાર પીંછાં સ્વચ્છ સફેદ રંગનાં હોય છે. ચાંચ અને પગ કાળા રંગના હોય છે.

એનો કંઠ ઉનાળામાં ખબ ખીલે છે. એ વખતે

એનો રંગ પણ અનોખો દેખાય છે. તેથી એની શોભા વધી જાય છે. ચોમાસામાં એ મૂંગું બની જાય છે.

તીડ, તમરાં અને કીડીમંકોડી એ એનો ખોરાક છે. ખોરાકની શોધમાં એ જમીન પર ફરે છે.

ઝાડની બખોલમાં એ રકાબી જેવો માળો બાંધે છે, અને તેમાં લીલાશ પડતા આસમાની રંગનાં અને તપખીરિયા છાંટવાળાં ચારથી પાંચ ઈંડાં મૂકે છે.

૨૦. શકરો



શકરો એ બાજના વર્ગનું પ્રાણી છે. બાજ પક્ષી કરતાં એ સહેજ નાનું છે. એ શિકારી પંખી છે.

એનો રંગ વાદળી છાંયવાળો રાખોડી છે. એના નીચેના ભાગમાં સ્લેટિયા રંગના પટા હોય છે. ગરદન ફરતે પીળો પટો હોય છે. એની પૂંછડીમાં આડા કાળા પટા હોય છે. એની આંખ નારંગી રંગની હોય છે. એની ચાંચ ટૂંકી, તીણી, છેડેથી વળેલી અને નીલવર્ણા રંગની હોય છે. આમ આ પક્ષી દેખાવે દમામદાર અને સુંદર હોય છે.

એનો ખોરાક ઉંદર, ગરોળી, દેડકાં, તીડ વગેરે હોય છે. વળી તેતર અને કબૂતર પણ એનો શિકાર બને છે.

કોઈ એક ઘટાદાર વૃક્ષની ટોચે સૂકાં સાંઠાંકાંઠાંનો ઢીલોઢચ માળો એ બાંધે છે.

□